| GJSR130000032025 | RECEIVED ON | 02-01-2025 |
|---|---|---|
| | REGISTERED ON | 02-01-2025 |
| | DECIDED ON | 05-05-2026 |
| | DURATION | DYS. MTHS. YRS. |
| | | 03 04 01 |

**સુરતના ઈ.એસ.આઈ. એકટ હેઠળ નિમાયેલ ઓથોરીટીશ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ, મુ.સુરત.**

**ઈ.એસ.આઈ. અરજી નં.૦૧/૨૦૨૫**
**આંક–૧૦**

**અરજદાર :– ફાઈવ સ્પલાશ ઈન્ફોટેક પ્રા.લી.,**
પપ, ''સંકલ્પ'', લક્ષ્મીનગર,
હિરણ મગરી સેકટર–૮,
ઉદયપુર–૩૧૩૦૦૨.

**વિરુધ્ધ**

**સામાવાળા :– એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન,**
બીજો માળ, સમર્થ હાઉસ, એલ.પી.સવાની રોડ,
પાલ લેક ગાર્ડનની બાજુમાં, પાલ, સુરત–૩૯૪૫૧૦.

**હાજર રહયા:–**
**અરજદાર તરફે** : વિ. એડવોકેટશ્રી મુકેશ બી. ખાખરીયા.
**સામાવાળા તરફે** : વિ.વ.શ્રી સંજયભાઈ દુધરેજીયા.

**<u>–: હુકમ :–</u>**

(૧) સદર અરજી આ કામના અરજદાર સંસ્થાએ એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એક્ટ–૧૯૪૮ (જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે)ની કલમ–૭૫ તથા ૭૭ હેઠળ દાખલ કરી સામાવાળા કોર્પોરેશને અરજદાર સંસ્થાને સી/૧૮ની નોટિસ તા.૧૦/૧૦/૨૦૨૩ની આપેલી તેમાં એડહોક રૂા.૧,૫૫,૨૩૨/– ભરવાના બાકી કાઢેલા તે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોવાથી તેના આધારે તા.૦૬/૧૨/૨૦૨૩ના રોજ કલમ–૪૫(એ) અન્વયે કરેલ હુકમ રદ કરવા તેમજ હુકમ મુજબની રીકવરીના રૂા.૧,૮૪,૪૨૬/–કોર્પોરેશનના ઈ.એસ.આઈ.સી. એ/સી નં.૨ માં જમા કરેલ છે તે વ્યાજ સહિત પરત મેળવવા તથા કેસ રીમાન્ડ બેક કરવા દાદ

માંગેલી છે.

(૨) સામાવાળાએ આંક–૬થી લેખિત જવાબ રજૂ કરી અરજીની વિગતોની સત્યતાને નકારી સંસ્થા દ્વારા કરવામાં આવેલા હુકમો કાયદેસર અને વ્યાજબી હોવાનું જણાવી અરજી રદ કરવા જણાવેલું છે.

(૩) પુરાવાના તબક્કે ઈ.એસ.આઈ કોર્પોરેશન દ્વારા ન્યુ એમ્નેસ્ટી સ્કીમ–૨૦૨૫ લાવવામાં આવેલી તે સ્કીમ અન્વયે સંસ્થા જવા ઈચ્છતી હોવાથી આંક–૭ની પરવાનગી અરજી સંસ્થાએ કરેલ. જે મંજૂર કરી તા.૧૮/૧૧/૨૦૨૫ના હુકમથી પરવાનગી આપવામાં આવેલી. ત્યારબાદ સંસ્થાએ ઈ.એસ.આઈ. કોર્પોરેશનમાં એમ્નેસ્ટી સ્કીમ અન્વયે કરેલ કાર્યવાહીમાં સમાધાન થયેલ હોવાનું જણાવી આંક–૯ની અરજીથી સદર કેસ દાખલ કરવામાં આવેલ ત્યારે જે ડાયરેકટરની સહીથી દાખલ કરેલ જેમનું તા.૨૪/૦૧/૨૦૨૬ના રોજ અવસાન થયેલ હોઈ બોર્ડ રીજોલ્યુશન ધ્વારા તેઓને ઓથોરાઈઝ કરેલ હોઈ તેઓ બંને પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ હોવાનું જણાવી સદર અરજી આગળ ચલાવવા ઈચ્છતા નથી તેમ જાહેર કરી કેસ પાછો ખેંચવા અરજ કરેલ છે.

(૪) સંસ્થાના એડવોકેટ હાજર રહેલા છે અને તેઓએ ઈ.એસ.આઈ. કોર્પોરેશનમાં ન્યુ એમ્નેસ્ટી સ્કીમ અન્વયે કોર્ટ બહાર સમાધાન થયેલ હોવાથી તેઓ સદર કેસ આગળ ચલાવવા ઈચ્છતા નથી તેમ જણાવી કેસ પરત ખેંચવા પરવાનગી માંગેલ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. આથી પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સમાધાન થયેલ હોઈ અરજીની વિગતે કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવે છે.

૨. કેસ તે મુજબ ફેંસલ કરવામાં આવે છે.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ:૦૫/૦૫/૨૦૨૬.**
**સ્થળ: સુરત.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**ઓથોરીટી ઈ.એસ.આઈ. એકટ,**
**ઔદ્યોગિક અદાલત, સુરત.**